# ડભોડામાં શનિવારે ભવ્ય હનુમાન જયંતિ મહોત્સવ ઉજવાશે

## ડભોડીયા દાદાને ૧૧૧૧ તેલના ડબ્બાનો અભિષેક કરાશે : ૧૫૧ કિલોની કેક કાપી દાદાનો જન્મ દિવસ ઉજવાશે : શોભાયાત્રા અને મહાઆરતીનું આયોજન : વર્ષો પછી શનિવાર, પૂનમ અને ચંદ્રગ્રહણનો યોગ સર્જાયો

ચિલોડા, તા. ૧

ગાંધીનગર તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડભોડાના હનુમાનજી મંદિરે આગામી તા. ૪થી એપ્રિલ શનિવારે હનુમાન જયંતિ મહોત્સવ-૨૦૧૫ ભારે વાગે મહાઆરતી કરાશે. ત્યારબાદ ૧૦.૩૦ વાગે ૧૫૧ કિલોની કેક કાપી હનુમાન દાદાનો જન્મ દિવસ ઉજવાશે. પછી ૧૦.૩૦ વાગે ભક્તો મહાપ્રસાદ ગ્રહણ કરશે. આ વર્ષે શનિવાર, પુનમ અને ચંદ્રગ્રહણનો ત્રિવેણી



(તસવીર : નટુભાઈ પટેલ)

ધામધૂમ અને ઉલ્લાસપૂર્ણ માહોલમાં ઉજવાશે. આ મહોત્સવમાં હનુમાનજી દાદાનો મારૂતિયજ્ઞય કરાશે અને ૧૧૧૧ તેલના ડબ્બાથી દાદાનો અભિષેક કરવામાં આવશે. તદઉપરાંત હનુમાન જન્મ જયંતિ નિમિત્તે ૧૫૧ કિલોની કેક કાપવામાં આવશે તેમજ ભવ્ય શોભાયાત્રા પણ કાઢવામાં આવશે. રાત્રે લોક સાહિત્યકાર કિર્તિદાન ગઢવીનો રંગ-કસુંબલ ડાયરો યોજાશે.

આ મહોત્સવનો પ્રારંભ સવારે ૩.૩૦ કલાકે મારૂતિ યજ્ઞથી કરાશે ત્યાર બાદ ૬.૩૦ કલાકે ૧૧૧૧ તેલના ડબ્બાથી અભિષેક કરાશે. અને ૭.૩૦ વાગે બેન્ડવાજા સહિત જાજરમાન શોભાયાત્રા કાઢવામાં આવશે. સવારે ૯.૪૫ કલાકે ધજા ચઢાવાશે અને ૧૦



સંગમ હનુમાન જયંતિના દિવસે સર્જાયો છે. ચંદ્રગ્રહણના કારણે સવારે ૧૧ થી રાત્રે ૮ વાગ્યા સુધી મંદિર બંધ રહેશે. રાત્રે ૯ વાગે જાણીતા લોક ગાયક અને સાહિત્યકાર કિર્તીદાન ગઢવી અને સાથી કાકારોનો રંગ કસુંબલ ડાયરો યોજાશે.

પ્રસિદ્ધ ડભોડીયા હનુમાનજીનું મંદિર આશરે ૧૦૦૦ થી પણ વધુ વર્ષ જુનુ પૌરાણિક મંદિર છે. જેમાં સ્વયંભુ પ્રગટ હનુમાનદાદા બિરાજે છે. હાલના સ્થળે તે સમયે દેવગઢનું ગાઢ જંગલ હતુ, જ્યાં પાટણના રાજા સઘળાએ મોગલોના આક્રમણથી બચવા આશરો લીધો હતો. આ સમયે રાજાની ગાયો આ જંગલમાં ચરાવાતી જેમાંથી એક ટીલડી ગાય નિશ્ચિત જગ્યાએ ઉભી રહી દૂધ જરી જતી. રાજાએ આ જગ્યાએ ખોદકામ કરાવતા હનુમાનજીનું પ્રાગટ્ય થયું હતુ. રાજાએ અહીં મંદિરનું નિર્માણ કરાવ્યુ ત્યારબાદ ડભોડા ગામો વસવાટ થયો હતો. આ મંદિરના મહંત સ્વ. જુગલદાસજીના આશીર્વાદથી ડભોડાની સીમમાં કાતરા-તીડ પડતા નથી તેથી તેમના માનમા મહાવદ-છઠ્ઠના દિવસે ગ્રામજનો ધંધા રોજગાર બંધ રાખી 'બાવાની છઠ્ઠ' ઉજવે છે.

# આજે મહાવીર જયંતિની હર્ષોલ્લાસપૂર્ણ ઉજવણી કરાશે

## સે. ૨૨ના જૈન દેરાસરેથી સવારે ૭ વાગે શોભાયાત્રા નિકળશે : સે. ૨૧માં દિગંબર જૈન મંદિરે ૭.૩૦ વાગે વિધાન યોજાશે : સાંજે મહાઆરતી અને ભક્તિ સંધ્યાનું આયોજન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના જૈન મંદિરોમાં આવતીકાલે મહાવીર સ્વામીની જન્મ જયંતિ ભારે ધામધૂમથી ઉજવવામાં આવશે. આ નિમિત્તે સે. ૨૨ના જૈન દેરાસરથી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવશે.

જગતને અહિંસાનો સંદેશ આપનાર ભગવાન મહાવીરની તા. ૨જી એપ્રિલે જન્મ જયંતિ છે. ગાંધીનગરના શ્વેતાંબર અને દિગંબર જૈન સમાજ દ્વારા મહાવીર જયંતિની ભાવપૂર્ણ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. સે. ૨૨માં આવેલ જૈન દેરાસરથી સવારે ૭ વાગે ભવ્ય શોભાયાત્રા નીકળશે જે આર્યુવેદ હોસ્પિટલથી ઘ-૫ થઈને ચ-૫, પંચદેવ મંદિર, અપના બજારથી એમએલએ કેન્ટિનવાળા રસ્તે રોડ નં. ૫ પર ચ-૫ થઈને પરત ફરશે.

સે. ૨૧માં દિગંબર જૈન મંદિર દ્વારા પણ મહાવીર જયંતિ નિમિત્તે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૬ વાગે પ્રભાતફેરી કાઢવામાં આવશે. ત્યારબાદ ૭.૩૦ વાગે સે. ૨૧ના જૈન મંદિરમાં મહાવીર સ્વામી વિધાન યોજાશે. આ વિધાનમાં ૭૧ જેટલા શ્રદ્ધાળુઓ ઈન્દ્ર બની બિરાજશે. વિધાન પત્યા બાદ સ્વામી વાત્સલ્ય યોજાશે. અને સાંજે ૭.૩૦ વાગે મહાઆરતી કરાશે. આ ઉપરાંત રાત્રે ૮ વાગે અંહીં ભક્તિ સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરના જૈન સમાજના શ્રદ્ધાળુઓ મહાવીર જયંતિની ઉજવણીમાં હર્ષોલ્લાસથી ભાગ લેશે.

# સે-૨૬ ફાટક પાસે બી.એસ.સી.ના વિદ્યાર્થીએ ટ્રેન નીચે પડતું મુકયું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરની બીએસસી કોલેજમાં અભ્યાસ કરતો અને મુળ અરવલ્લીના મેઘરજ વિસ્તારનો રહેવાસી ૨૧ વર્ષીય વિદ્યાર્થીનો આજે સવારે સે-૨૬ રેલવે ટ્રેક પર હાથ પગ કપાઈ ગયેલા હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. પરીક્ષા આપવા નીકળેલા વિદ્યાર્થીનો

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં સ્થિત લીંબોઈ ગામનો મુળ રહેવાસી અને હાલ તેના સંબંધીની સે-૨૬ ખાતે સ્થિત હોસ્ટેલમાં રહેતો ૨૧ વર્ષીય યુવાન અંકિત કાળુભાઈ ચૌધરી શહેરની એક કોલેજમાં બીએસસીમાં અભ્યાસ કરતો હતો. પરીક્ષા આપવા નીકળેલા અંકિતનો આજે સવારે આઠેક વાગ્યાના બી.એ. ચાવડા સહીત ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. યુવકના મૃતદેહ પાસેથી કોલેજનું આઈકાર્ડ અને બે સીમ કાર્ડ મળી આવ્યા હતાં. કોઈ અગમ્ય કારણોસર યુવાને ટ્રેન નીચે પડતું મુકીનેઆપઘાત કરી લીધો હોવાનું ધ્યાને આવ્યું છે.

જો કે તેણે કયાં કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે બાબત હજુ



મૃતદેહ ટ્રેક પર કપાયેલો પડયો હોવાની જાણ સ્ટેશન માસ્ટરે કરતાં સે-૨૧ પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. અરસામાં સે-૨૬, ખ-૭ પાસેનાં રેલવે ટ્રક પરથી હાથ-પગ કપાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો રેલવે સ્ટેશન માસ્ટરે સે-૨૧ પોલીસને જાણ કરતાં પીઆઈ બહાર આવી શકી નથી. સે-૨૧ પોલીસ મથકનાં પીએસઆઈ વી.જી. યાદવે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# જિલ્લામાં એક પખવાડિયામાં ઉભો પાક સળગવાના ચાર બનાવો : ખેડૂતોમાં આક્રોશ

## જાખોરા, સાણોદા, કડજોદરા અને છાલામાં જીવીત વીજ વાયર પડતા ઘઉંનો પાક બળીને ખાખ : વીજતંત્રના અધિકારીઓ ખુલ્લા અને જમીન સાથે વાતો કરતા વાયરોને ક્યારેય ગંભીરતાથી લેતા નથી : ખેડૂતો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોનો પાક ભળભળ સળગી જતા નિંદર હણાઈ ગઈ છે. રાત ઉજાગરા નાખે છે. ખેતરોમાં જમીન સાથે વાતો કરતા વાયરો આ કર્મચારીઓ કે



(તસવીર : નટુભાઈ પટેલ)

વીજતંત્રની બલીહારીથી ચાર ખેડૂતોનો ઉભો પાક રાખમાં ફેરવાઈ જવા પામ્યો છે. જીવંત વીજતાર એકઠા થતા ખેતરમાં ઉભો પાક ભળભળ સળગતા ખેડૂતોની કમર તુટી જવા પામી છે. ત્યારે ધરતીપુત્રોમાં વીજતંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

એક પખવાડિયા દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ઘઉંનો ઉભો પાક બળવાના ચાર બનાવો બનવા પામ્યા છે. જેમાં જાખોરા, કડજોદરા, સાણોદા અને છાલાના ધરતીપુત્રો ઉપરાંત અરવલ્લી જિલ્લાના ખેડૂતોને તંત્રની બલિહારીનો ભોગ બનવું પડ્યું છે.

ખેડૂતો વીજતંત્ર સામે રોષે ભરાયા છે. ચાર-ચાર મહિના સુધી ખેતરમાં પરસેવો પાડી મહેનતનું ફળ મળશે. ત્યારે મીટ બાંધીને બેઠેલા કરીને ખેડૂતો ઘઉં, બાજરી, જુવાર તથા અન્ય ખાદ્ય ચિજવસ્તુઓ પકવતા હોય છે.

ખેડૂતોને પહેલા બટાટાએ ઠંડા પાણીએ નવડાવ્યા, ત્યાર બાદ કમોસમી વરસાદે રોવડાવ્યા અને હવે વીજતંત્રની બેદરકારીએ ખેડૂતને... છેલ્લા પખવાડિયામાં થયેલા બનાવોથી વીજતંત્ર સામે અનેક સવાલો ઉભા થયા છે. લોકોનું કહેવું છે કે તંત્રના કર્મચારીઓ લટકતા વાયર, છુટા પડેલા વાયરોને ક્યારેય ગંભીરતાથી લેતા નથી.

હોતી હૈ ચલતી હૈ કરીને દિવસ પસાર કરીને જતા રહે છે. ખેતરમાં વીજ વાયરોનું કામગીરી કરવા આવતા હોય છે. ત્યારે પણ ઉભા પાકનો દાટ વાળી નાખે છે. એક વીજ લાઈન નાખવામાં મહિનાઓ કાઢી અધિકારીઓને દેખાતા જ નથી.

ત્યારે ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે વીજતંત્રના અધિકારી, કર્મચારીઓએ આત્મમંથન કરવાની જરૂર છે. મહિને દાડે ખેતરોમાં ચેકીંગ કરવું જોઈએ જેના કારણે ખેડૂતોના મોઢામાં આવેલ કોળિયો છીનવાઈ ન જાય. જિલ્લાના ચાર ખેડૂતોના બળી ગયેલા પાકની સામે શુ વીજતંત્ર સહાય આપશે ?

# એટ્રોસીટીના કેસમાં આરોપીને ૬ માસની સજા ભોગવવા આદેશ

## આરોપી જિલ્લા નાયબ નિયામકની કચેરીમાં ઘુસી જાતિ સૂચક અપશબ્દો બોલ્યો હતો

ગાંધીનગર, તા. ૧

જાતિ વિષયક અપમાનજક શબ્દ બોલવાના મેટ્રોસીટીના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૬ માસની કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તા. ૨૮ ડીસેમ્બર વર્ષ-૨૦૧૦ના રોજ આ કેસના આરોપી ડીન જોન્સ વાવોલ ખાતે (રહે. વાવોલ) જિલ્લા સેવા સદનની બ્લોક નં. બીના ૭ મા માળે જિલ્લા નાયબ નિયામકની કચેરીમાં ઘુસી ડી.આર. પટેલને જાતિ મુજબ અપમાનજનક શબ્દો બોલી મરાવી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે આરોપી વિરૂદ્ધ સરકારી કામમાં અડચણ ઉભી કરવા ઉપરાંત શીડ્યુલ કાસ્ટ અને શીડ્યુલ ટ્રાઈબ એક્ટ ૧૯૮૯ની કલમ ૩(૧) (૧૦) મુજબનો ગુનો સે. ૭ પોલીસમથકે નોંધાયો હતો. આ કેસ ગાંધીનગરની એડીશનલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનીલ એ. પંડ્યાએ દલીલો કરી હતી જે દલીલો તેમજ અમલદારની ફરીયાદીની જુબાની ધ્યાને લઈ જજ આર.એ. ઘોઘારીએ આરોપીને એટ્રોસીટીના કેસમાં ૬ માસની કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને રૂ. ૩૦૦ દંડ ભોગવવા તેમજ દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની સજા ભોગવવા આદેશ કર્યો છે.

# સે-૨૪માં એક વૃદ્ધાએ ઝેરી દવા પી લઈ જીવન ટુંકાવ્યુ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે સ્થિત શ્રીનગર સોસાયટીમાં ગઈ મોડી સાંજે એક વૃદ્ધાએ પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લઈને જીવન ટુંકાવી નાંખ્યું હોવાની ઘટના બનવા પામી હતી. વૃદ્ધાએ કોઈ કારણોસર દવા ગટગટાવી આપઘાત કરી લેતાં સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં માનસિક બિમારીથી કંટાળી આપઘાત કર્યો હોવાની પોલીસને આશંકા છે.

સે-૨૪ શ્રીનગર સોસાયટીમાં મકાનનં. ૨૫૫/૭૧ ખાતે રહેતા ૫૦ વર્ષીય મીરાબેન ઉધાભાઈ દાતણીયા ગઈ સાંજના સુમારે ઘરે હતા ત્યારે ઝેરી દવા પી લીધી હતી. અત્યંત ગંભીર હાલતમાં વૃદ્ધાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવામાં આવી હતી જો કે દવાની અસરથી મોતને ભેટી ચુકેલી વૃદ્ધાને ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. આ ઘટનાની જાણ પોલીસને થતા સે-૨૧ પોલીસ મથકના જમાદાર પ્રવિણસિંહ એ અકસ્માત મોતનો ગુનો નોંધી ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે. વૃદ્ધાએ માનસિક બિમારીથી તંગ આવીને અંતિમ પગલું ભર્યું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. જો કે આપઘાતનું સાચું કારણ બહાર લાવવા પોલીસે તપાસ આરંભી છે.

# વોન્ટેડ ટ્રેક્ટર ચોર એલસીબીના હાથે ઝડપાઈ ગયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંગ યાદવની સુચનાથી ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારના માર્ગદર્શન હેઠળ એબસ્કવોન્ડર સ્કવોર્ડે એક વોન્ટેડ ટ્રેક્ટર ચોરને ઝડપી પાડ્યો છે. રાજસ્થાનનાં ઝાલોદ જિલ્લાના સાંચોર તાલુકા વિસ્તારમાં રહેતો ક્રિષ્ણારામ સુજાણારામ બિશ્નોઈ પેથાપુર પોલીસ સ્ટેશનના વર્ષ-૨૦૧૪ના ટ્રેક્ટર ચોરીના ગુનામાં વોન્ટેડ હતો. બાતમીને આધારે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ આરોપી મહેસાણા, અમદાવાદ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના પેથાપુર, કલોલ તાલુકા પોલીસ સ્ટેશનના ગુનામાં પણ વોન્ટેડ હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૨
સૂર્યાસ્ત : ૬.૫૮

## તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૨.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૨૩ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**સ્ક્રીન-૨ :**

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૨ :**

એન. એચ-૧૦ : ૧૦.૦૦

અગ્નિ પરીક્ષા : ૯.૦૦

**સ્ક્રીન-૩ :**

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) : ૨.૪૫, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

એન. એચ-૧૦ : ૧૨.૩૦

**સ્ક્રીન-૪ :**

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

**સ્ક્રીન-૪ :**

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦

હંટર : ૬.૦૦

## આપની આજ

**મેષ** : આર્થિક સંપન્નતા વધશે. દઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**વૃષભ** : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

**સિંહ** : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

**કન્યા** : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

**તુલા** : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

**વૃશ્ચિક** : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો.

**ધન** : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર** : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

**કુંભ** : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે.

**મીન** : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબેન જેકીશનદાસ મિસ્ત્રી (ઉ.વ.૭૭) મુ. માણસા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર ગાભાજી બેચરજી (ઉ.વ.૬૦) મુ. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- સ્વ. કાન્તીજી કનુજી ઠાકોર (ઉ.વ.૪૨) મુ. શિહોલી, તા.જી. ગાંધીનગર
- સ્વ. મીરાબેન બુધાભાઈ દાતણીયા (ઉ.વ.૫૭) શ્રીનગર સોસાયટી, ૬૧/૨૨૫, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. બાન્દલ સુનંદા અર્જનુભાઈ (ઉ.વ.૬૩) પ્લોટ નં. ૫૨૧/૧, સેકટર-૧૩ એ ગાંધીનગર